

અમિત શાહે 30 સ્માર્ટ સ્કૂલોની ભેટ આપી

વાંચો પેજ નં. 6

RNI Title Code : GUJGUJ18197

# ભારત હેડલાઈન

તટસ્થ, પારદર્શક અને નિડર અખબાર

Bharat Headline-Gujarati Morning Daily (Monday to Saturday) Rajkot


માલિક, મુદ્રક પ્રકાશક અને તંત્રી : અમિત બીપીનભાઈ ઠક્કર | Date : 22 June 2024, Saturday | Page : 10 | Year : 1 | Issue : 211 | Price: 2/-

# હવે CSIR-UGC-NET પરીક્ષા મોકૂફ

## NTAએ સત્તાવાર કરી જાહેરાત

ભારત હેડલાઈન, તા.૨૧

CSIR-UGC-NET પરીક્ષા મોકૂફ રાખવામાં આવી છે. આ પરીક્ષા નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) દ્વારા લેવામાં આવે છે. આ પરીક્ષા ૨૫ થી ૨૭ જૂન દરમિયાન યોજાવાની હતી. પરીક્ષા મોકૂફ રાખવાનું કારણ સંસાધનોનો અભાવ હોવાનું કહેવાય છે. NTAએ પરીક્ષા મોકૂફ રાખવાની જાણકારી આપી છે. NTAએ એમ પણ કહ્યું કે, આ પરીક્ષા યોજવા માટેનું સુધારેલું સમયપત્રક સત્તાવાર વેબસાઇટ દ્વારા આગામી સમયમાં જાહેર કરવામાં આવશે. NTAએ કહ્યું કે, ઉમેદવારોને નવા અપડેટ્સ માટે સત્તાવાર વેબસાઇટની મુલાકાત લેતા રહેવાની સલાહ આપવામાં આવે છે. કોઈપણ પ્રશ્ન અથવા સ્પષ્ટતા માટે ઉમેદવારો NTA હેલ્પડેસ્ક નંબર ૦૧૧-૪૦૭૫૯૦૦૦ પર કોલ કરી શકે છે. NTAએ સંયુક્ત CSIR-UGC-NET પરીક્ષા જૂન ૨૦૨૪ મુલતવી રાખી છે જે ૨૫થી ૨૭ જૂન વચ્ચે યોજાવાની હતી. તે અનિવાર્ય સંજોગો તેમજ લોજિસ્ટિક સમસ્યાઓને કારણે મુલતવી રાખવામાં આવી છે. આ પરીક્ષાના આયોજન માટેનું સુધારેલું સમયપત્રક પછીથી સત્તાવાર વેબસાઇટ દ્વારા જાહેર કરવામાં આવશે.



राष्ट्रीय परीक्षा एजेंसी
National Testing Agency
Excellence in Assessment

(उच्चतर शिक्षा विभाग, शिक्षा मंत्रालय, भारत सरकार के तहत एक स्वायत्त संगठन)
(An Autonomous Organization under the Department of Higher Education, Ministry of Education, Government of India)

**PUBLIC NOTICE**
**21.06.2024**

**Postponement of the Joint CSIR-UGC-NET Examination June-2024**

1. This is in continuation to the Public Notice dated 15.06.2024 vide which Advance Intimation of Examination City allotted to the applicants of the Joint CSIR-UGC-NET Examination June-2024 along with schedule of Examination was informed to all the candidates.
2. The candidates are hereby informed that the Joint CSIR-UGC-NET Examination June-2024 which was scheduled to be held between 25.06.2024 to 27.06.2024 is being postponed due to unavoidable circumstances as well as logistic issues. The revised schedule for the conduct of this examination will be announced later through the official website.
3. The Candidates are advised to keep visiting the official website: https://csirnet.nta.ac.in, for the latest updates.
4. For any queries or /clarifications, candidates can call NTA Help Desk at 011-40759000 or 011-69227700 write to NTA at csirnet@nta.ac.in.


Sd/-
**Senior Director (NTA)**

# ગુજરાત હાઈકોર્ટે 'મહારાજ' ફિલ્મ પરનો સ્ટે હટાવ્યો

## ફિલ્મ જોયા બાદ કોર્ટે કહ્યું- 'આમાં કોઈ ધાર્મિક લાગણીઓ દુભાય તેવી વાત નથી'

ભારત હેડલાઈન, તા.૨૧

બોલિવૂડના જાણીતા કલાકાર આમિર ખાનનો દિકરો જુનેદ ખાન પણ ફિલ્મ 'મહારાજ'માં ડેબ્યુ કરવા જઈ રહ્યો છે. જોકે જુનૈદ ખાનની ફિલ્મ રિલીઝ થાય તે પહેલા જ વિવાદમાં ફસાઈ ગઈ છે. આ વિવાદ એટલો વકર્યો છે કે મામલો હાઈકોર્ટ સુધી પહોંચી ગયો હતો. હાઈકોર્ટમાં છેલ્લા ત્રણ દિવસથી સુનાવણી ચાલી રહી હતી. જસ્ટિસ સંગીતા વિશેનની બેંચ સમક્ષ સુનાવણી હાથ ધરાઈ હતી. છેલ્લા ત્રણ દિવસથી બંને પક્ષકાર દ્વારા દલીલો કરાઈ હતી અને ફિલ્મ પર સ્ટે મૂક્યો હતો. જો કે આજે હાઈકોર્ટે ફિલ્મ પરથી સ્ટે હટાવી દીધો છે. કોર્ટે કહ્યું કે, ફિલ્મ જોયા બાદ આમાં કોઈ નકારાત્મક બાબત લાગતી નથી. ફિલ્મમાં ધાર્મિક લાગણી દુભાય તેવું કંઈ નથી. ત્યારે હાઈકોર્ટે વચગાળાનો સ્ટે દૂર કરીને ફિલ્મ રજૂ કરવાની મંજૂરી આપી દીધી છે. સુનાવણી દરમિયાન ફરિયાદીએ કહ્યું કે, હાઈકોર્ટે ફિલ્મ જોયા બાદ સ્ટે હટાવ્યો છે. કોઈ ઓથોરિટી ફિલ્મને સર્ટિફિકેટ આપે તેના કરતાં હાઈકોર્ટ ઉપર અમને વધુ વિશ્વાસ છે. ફિલ્મ રજૂ થયા બાદ અમે જોઈશું અને જો વાંધાનજક લાગે તો રસ્તો ખુલ્લો છે. ફિલ્મ મહારાજ ૧૮૬૨ના માનહાનિ કેસની સત્ય ઘટનાથી પ્રેરિત છે, જે 'મહારાજ લિબેલ કેસ'તરીકે ઓળખાય છે. આ ઘટનાને ભારતની સૌથી મહત્વપૂર્ણ કાયદાકીય લડાઈઓમાંથી એક ગણવામાં આવે છે. ફિલ્મમાં જુનૈદ ખાન અને જયદીપ અહલાવત મુખ્ય ભૂમિકામાં છે. જુનૈદ ખાન પત્રકાર અને સમાજ સુધારક કરસનદાસ મૂળજીની ભૂમિકા ભજવી રહ્યા છે.




## ફિલ્મને લઈને શું વિવાદ છે?

બ્રાહ્મણ અને વૈષ્ણવ સંપ્રદાયના લોકોએ ધાર્મિક આસ્થાને ઠેસ પહોંચાડવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે કહ્યું કે ફિલ્મમાં સનાતન ધર્મ અને હિંદુ દેવી-દેવતાઓ વિરુદ્ધ ઝેર ઓકવામાં આવ્યું છે. ફિલ્મ નિર્માતાઓને ચેતાવણી આપવામાં આવી છે કે જો ફિલ્મ પર પ્રતિબંધ લગાવવામાં નહી આવે તો દેશભરમાં હિંસક આંદોલન થશે. વિરોધ કરી રહેલા લોકોના અનુસાર ફિલ્મમાં સનાતન ધર્મ, શ્રીવલ્લાભાચાર્યજી અને ભગવાન શ્રીકૃષ્ણ વિરુદ્ધ ઘણા સીન બતાવવામાં આવ્યા છે.



# કેજરીવાલનો જેલવાસ યથાવત

## દિલ્હી HCએ નિર્ણય અનામત રાખ્યો


ભારત હેડલાઈન, તા.૨૧

દિલ્હી લિકર પોલિસી કેસમાં અરવિંદ કેજરીવાલ હજુ જેલમાંથી બહાર નહીં આવે. દિલ્હી હાઈકોર્ટની વેકેશન બેન્ચે શુક્રવારે ઊઉની અરજી પર સુનાવણી કરતા કહ્યું કે અમે દલીલો પર વિચાર કરી રહ્યા છીએ. અમે સોમવાર-મંગળવારે (૨૪ કે ૨૫ જૂન) ચુકાદો આપીશું. ત્યાં સુધી રાઉઝ એવન્યુ કોર્ટનો નિર્ણય હોલ્ડ પર રહેશે. હકીકતમાં, ૨૦ જૂને રાત્રે ૮ વાગ્યે, રાઉઝ એવન્યુ કોર્ટે અરવિંદ કેજરીવાલને જામીન આપ્યા હતા. ન્યાયાધીશ ન્યાયબિંદુની ખંડપીઠે કહ્યું હતું કે ઊઉ પાસે અરવિંદ કેજરીવાલ વિરુદ્ધ કોઈ પ્રત્યક્ષ પુરાવા નથી. કોર્ટે કેજરીવાલને ૧ લાખ રૂપિયાના જામીન બોન્ડ પર જામીન આપ્યા હતા. ઈડીએ નીચલી કોર્ટના નિર્ણય સામે ૨૧ જૂને દિલ્હી હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી. ઊઉના વકીલ એસવી રાજુએ કહ્યું કે નીચલી કોર્ટનો નિર્ણય યોગ્ય નથી. અમારી દલીલો રજૂ કરવા માટે અમને પૂરો સમય મળ્યો નથી. લગભગ ૫ કલાકની સુનાવણી બાદ આજે હાઈકોર્ટે પોતાનો નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો.



## બહુચર્ચિત બાલાજી વેફર્સમાં મૃત દેડકો નીકળ્યાનો વિવાદ હજુ શમ્યો નથી ત્યાં નવો વિવાદ સામે આવ્યો

# બાલાજી વેફર્સમાં નીકળેલા ‘દેડકા’નું કનેકશન રાજકોટના પૂર્વ કલેક્ટર પ્રદીપ શર્મા સાથે ?



### બાલાજી વેફર્સ પ્રા.લી. વડવાજડી હસ્તકની કટારિયા એજન્સીએ કુદરતી સંપતિ નદીમાં પ્રવેશ કરી વરસાદી પાણીના નિકાલમાં અવરોધ ઉભો કરી આસપાસનું જાહેરજીવન અને પર્યાવરણ જોખમમાં મુકાય તેવું પગલુ ભર્યું!

ભારત હેડલાઈન, તા.૨૧

તાજેતરમાં જામનગરમાં બાલાજી વેફર્સના એક પેકેટમાં નિકળેલા મૃત ‘દેડકા’નું કનેકશન રાજકોટના ભૂતપૂર્વ કલેકટર પ્રદીપ શર્મા સાથે હોય તેવું પ્રકાશમાં આવ્યું છે. બહુચર્ચિત બાલાજી વેફર્સમાં દેડકો નીકળ્યાનો વિવાદ હજુ શમ્યો નથી ત્યાં રાજકોટમાં નવો વિવાદ સામે આવ્યો છે. લોધીકાના વડ વાજડી ગામે સરકારી ખરાબાની સર્વે નં. ૧૦૦ પૈકીની જમીન ઔદ્યોગિક હેતુ માટે વેંચાણથી લીધેલ હતી તે જમીન નદી ટચ હોવાથી બાલાજી વેફર્સ પ્રા.લી. વડવાજડી હસ્તકની કટારીયા એજન્સીએ કુદરતી સંપતિ નદીમાં પ્રવેશ કરી વરસાદી પાણીના નિકાલમાં અવરોધ ઉભો કરી આસપાસનું જાહેરજીવન અને પર્યાવરણ જોખમમાં મુકાય તેવું પગલું ભર્યું છે.

ગુજરાત જમીન મહેસુલ અધિનિયમ - ૧૮૭૯ની કલમ - ૬૫ હેઠળ રાજકોટ કલેકટર દ્વારા બિનખેતી ઔદ્યોગિક હુકમ નં. ૧૧૫૧/૦૯/૦૭/૦૦૬/૨૦૨૨ તા.૦૬-૧૦-૨૦૨૨ થી બિનખેતી પરવાનગી આપી તે હુકમની શરતોમાં ૧૨ નંબરની શરતનું જાહેર ઉલંઘન બાલાજી વેફર્સ પ્રા.લી.હસ્તકની કટારિયા એજન્સીએ કરેલ છે. જે શરતમાં જમીનમાં વરસાદી પાણીના તેમજ ભુગર્ભ વહનની વ્યવસ્થા કરીને બાંધકામ કરવા તંત્રએ સુચના આપેલ હોવા છતાં પણ કુદરતી સંપતિ નદીમાં પેશકદમી કરેલ જેથી વડવાજડી ગામની નદીનો દેડકો બાલાજી વેફર્સના પેકિંગમાં પ્રવેશ કરી જામનગરમાં નિકળ્યો!

શું બાલજી વેફર્સ પ્રા. લીએ તેમની પેટા એજન્સીને લાગુ જમીનની બાજુમાં નદીના વહેણમાં બાંધકામ કરી દબાણ કરવા લીલો પરવાનો આપ્યો કે પછી તંત્રની મિલીભગત છે તેવું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.

# રાજકોટ ક્રાઈમ બ્રાંચની કાબિલેદાદ કામગીરી

# તલસ્પર્શી તપાસે આરોપીઓને દબોચી લીધો

## જૂના સ્વાતીપાર્ક પાસે પટેલ યુવાનની હત્યા કરી સળગાવી નાંખેલ લાશ મળતા પોલીસે ગણતરીની કલાકોમાં ગુન્હાનો ભેદ ઉકેલ્યો

## ભરવાડ બંધુ અને એક સગીરને દબોચી લીધા હતા, રૂા.૮ લાખની ઉઘરાણી મામલે યુવાનને હત્યારાઓએ મોતને ઘાટ ઉતાર્યો હતો



### રાતે યુવાનને ઘરે બોલાવી આરોપી સામળ વકાતરે પાછળથી હાથ પકડી નીચે પાડી દીધો : બાદમાં આરોપી મેહુલ વકાતરે પકડી સામળે અને સગીરે કલચ વાયરથી ગળે ટુંપો આપી હત્યા કરી

### ■ નજીકના પેટ્રોલપંપ પરથી પેટ્રોલ લઈ લાશને સળગાવી નાંખી

ભારત હેડલાઇન, તા.૨૧

જૂના સ્વાતીપાર્ક પાસે પટેલ યુવાનની હત્યા કરી સળગાવી નાંખેલ લાશ મળતા ઉચ્ચ પોલીસ અધિકારીઓ દોડી ગયા હતા અને સ્થાનિક પોલીસ સાથે ક્રાઈમ બ્રાંચની ટીમે પણ તપાસમાં ઝંપલાવ્યુ હતું. ક્રાઈમ બ્રાંચની ટીમે તલસ્પર્શી તપાસ કરી ગણતરીની કલાકોમાં હત્યારાઓ ભરવાડ બંધુ અને એક સગીરને પકડી પાડયા હતા. રૂા.૮ લાખની ઉઘરાણી મામલે યુવાનને હત્યારાઓએ મોતને ઘાટ ઉતાર્યો હોવાની કબુલાત આપી હતી. હત્યારાઓને પકડવા આરોપીઓએ પેટ્રોલપંપ પર ગુગલ પે થી કરેલ પેમેન્ટની કડી ક્રાઈમ બ્રાંચને તેમના સુધી લઈ ગઈ હતી. બનાવની વિગત મુજબ ગઈ તા.૧૯/૬/૨૪ના આજીડેમ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ સ્વાતી સોસાયટીની બાજુમાં કાચા રસ્તા પર ખુલ્લી જગ્યાએથી ૩૫ વર્ષીય અજાણ્યા યુવાનની શંકાસ્પદ અર્ધ સળગેલ હાલતમાં મળેલ હતી. જે યુવાનને આરોપી દ્વારા માર મારી મોત નિપજાવી તેની ઓળખાણ છતી ન થાય તે માટે સળગાવી દીધેલ હોવાનું સામે આવતા આજીડેમ પોલીસ મથકમાં હત્યાની કલમ હેઠળ ગુન્હો નોંધાયો હતો. ડીસીપી ક્રાઈમ ડો. પાર્થરાજસિંહ ગોહીલ, એસીપી ક્રાઈમ ભરત બસીયાના માર્ગદર્શન હેઠળ ક્રાઈમ બ્રાંચ પીઆઈ એમ.આર.ગોંડલીયાએ અલગ અલગ ટીમો બનાવી સીસીટીવી કેમેરા અને ટેકનીકલ સોર્સની મદદથી તપાસનો ધમધમાટ આદર્યો હતો. દરમ્યાન પીએસઆઈ એ.એન.પરમાર, હેડકોન્સ્ટેબલ હરદેવસિંહ રાઠોડ, કોન્સ્ટેબલ પ્રદીપસિંહ જાડેજા, રાજેશ જલુને મળેલ ચોકકસ બાતમીના આધારે હત્યાને અંજામ આપનાર સામળ ઉર્ફે વિરમ હિન્દુ વકાતર (ઉ.૨૬), મેહુલ ઉર્ફે હકો હિન્દુ વકાતર (ઉ.૩૧) રહે. બંને સ્વાતીપાર્ક શેરીનં.૮ અને એક પરપ્રાંતીય સગીરને દબોચી હત્યાના બનાવનો ભેદ ઉકેલી નાંખ્યો હતો. વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે આરોપી સામળ ઉર્ફે વિરમે બે વર્ષ પહેલા કટકે કટકે મૃતક વિપુલ કીયાડા પાસેથી રૂા.૮ લાખ ઉછીના લીધા હતા. જે રૂપિયા મૃતક અવારનવાર માંગતો હોવા છતાં આરોપી આપતો ન હતો. જેથી બનાવના દિવસે ફરિવાર મૃતકે આરોપી શ્યામળને સાંજે રૂપિયાની સગવડ કરી રાખશે હું રૂપિયા લેવા આવુ છું કહ્યું હતું. જયારે જ આરોપી શ્યામળ, તેનો ભાઈ મેહુલ અને સગીરે મૃતક રૂપિયા લેવા આવે ત્યારે તેમની હત્યા કરી નાંખવાનો પ્લાન ઘડયો હતો તે માટે મેહુલ સાથે છકડો રિક્ષાનો લીવર વાયર પણ મંગાવી રાખેલ હતો. ત્યારબાદ સાંજના સમયે મૃતક આરોપીના વરંડાએ રૂપિયા લેવા આવતા મોડીરાત સુધી ચર્ચા ચાલી હતી. જે બાદ મૃતકને બાજુની જગ્યામાં શાંતિથી વાત કરીએ તેવુ કહી આરોપીઓ ઘર નજીક વરંડામાં લઈ ગયા હતા. જે બાદ થોડીવાર વાતચીત કર્યા બાદ મૃતકે આવતીકાલે રૂપિયા લેવા આવીશ સગવડ કરીને રાખજો તેમ કહી ઘરે જવા ઉભો થયેલ ત્યારે શ્યામળે પાછળથી પકડી લીધેલ અને મેહુલ અને સગીરે તેમને નીચે પાડી દીધેલ ત્યારબાદ શ્યામળે મૃતકને ગળામાં કલચ વાયર ખેચી ગળે ટુંપો આપી મોતને ઘાટ ઉતારી દીધો હતો. જે બાદ ત્રણેય આરોપીઓ લાશને ખરાબામાં લઈ જઈ હાથ-પગ અને મોઢુ દોરીથી બાંધી દીધેલ ત્યારબાદ કોઈના ફીંગર ન આવે તે માટે લાશને સળગાવી દીધી હતી.

# ધોળા દિવસે અર્ધો કલાકમાં ત્રણ લૂંટને અંજામ આપનાર ત્રિપુટીને ઝડપી લેતી ક્રાઈમ બ્રાન્ચ

## ૫ ગુનાને અંજામ આપ્યાની કબૂલાતઃ ૬૭ હજારનો મુદામાલ કબજે

ભારત હેડલાઇન, તા.૨૧

શહેરમાં મંગળવારે માત્ર અર્ધો કલાકમાં જ વેપારી સહિત ત્રણ લોકોને છરીની અણીએ આંતરી લૂંટ ચલાવી નાશી છૂટેલા ત્રિપુટીને ક્રાઈમ બ્રાંચે ઝડપી લઈ રોકડ, બાઈક સહિતની મતા કબજે કરી વધુ ગુના કોઈ આચર્યા છે કે કેમ તે જાણવા કાર્યવાહી હાથ ધરી છે.

ન્યૂ માયાણીનગરમાં રહેતા અને ઓટો સ્પેર સ્પાર્ટનો વેપાર કરતા કાનજીભાઈ ઠુમ્મર, માનસીંગભાઈ ધોડ અને કેતનભાઈને આંતરી તેની પાસેથી ૩ હજારની રોકડની લૂંટ ચલાવી ત્રણ શખ્સો નાસી ગયાનો બનાવ પોલીસ ચોપડે નોંધાતા ચકચાર મચી ગઈ હતી ધોળા દિવસે અર્ધો કલાકમાં ત્રણ લૂંટ ચલાવી ત્રિપુટી હવામાં ગાયબ થઈ જતાં શહેરભરની પોલીસ કામે લાગી હતી દરમિયાન ત્રણ-ત્રણ લૂંટને અંજામ આપનાર ત્રિપુટી કોઠારિયા સોલવન્ટ પાસે હોવાની બાતમી મળતા ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ ગોંડલિયા અને ટીમે વોચ ગોઠવી ત્રિપુટીને સકંજામાં લઈ નામઠામ પૂછતાં કોઠારીયા સોલ્વંટમાં રહેતો ભરત ઉર્ફે ભરતો પોપટભાઈ, સાધૂ વાસવાણી રોડ ગુરુજીનગર આવાસમાં રહેતો રમીજ ઉર્ફે બચ્ચો ઈમરાનભાઈ જેસડિયા અને કોઠારીયા સોલ્વંટમાં રહેતો નિલેશ ઉર્ફે ભૂરી ગોપાલભાઈ વાઘેલા હોવાનું જણાવતા પોલીસે ત્રણેયની ધરપકડ કરી રોકડ, બાઈક, સોનાની કડી સહિત ૬૬,૫૦૦નો મુદામાલ કબજે કર્યો છે આ ત્રિપુટીએ સમીર ઉર્ફે સમલો અબ્દુલભાઈ ઠેબા સાથે મળી કુલ ૫ લૂંટને અંજામ આપ્યો હોવાની કબૂલાત આપતા પોલીસે સમીરની પણ શોધખોળ હાથ ધરી છે પકડાયેલ ત્રિપુટી પૈકી ભરત અગાઉ ૭ ગુનામાં જ્યારે નીલેશ ૫ ગુનામાં અને રમીજ એક ગુનામાં પકડાઈ ચૂક્યો હોવાનું જાણવા મળ્યું છે.

# રાજકોટમાં પ્રમુખસ્વામી સભાગૃહમાં સંયમદિન રૂપે યુવાદિન ઉજવાયો

## ■ હજારો યુવક-યુવતીઓ પૂ.મહંતસ્વામી મહારાજની હાજરીમાં સંયમિત જીવન માટે કટિબદ્ધ થયા



ભારત હેડલાઇન, તા.૨૧

બી.એ.પી.એસ.સ્વામિનારાયણ સંસ્થાના ગુરુવર્ય પ.પૂ.મહંતસ્વામી મહારાજની મંગલ ઉપસ્થિતિમાં તા.૧૪ જૂનથી તા.૧૦ જુલાઈ દરમિયાન રાજકોટ ખાતે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરે વિવિધ સાંસ્કૃતિક અને રસપ્રદ કાર્યક્રમોનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે, ત્યારે ૨૦ જૂનના રોજ યુવાનો દ્વારા 'સાવધાની એજ સલામતી'મધ્યવર્તી વિચાર સાથે સંયમ દિનની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. 'સંયમે અપિ શક્તિઃ અસ્તિ'એટલે કે સંયમમાં પણ શક્તિ રહેલી છે. આજે વાયુવેગે બદલતી ટેકનોલોજી અને સોશિયલ મીડિયાના જમાનામાં આજનું યુવાધન બેટિંગ અને ડેટિંગ એપમાં ફસાયું છે.

ડ્રગ્સના નશાને કારણે યુવાનોની દશા બગડી છે. પાન મસાલા, દારૂ, સિગારેટ જેવા વ્યસનોને કારણે સમાજમાં દુષણ ફેલાયુ છે. આજનો યુવાન ફેશનના ટેન્શનમાં ગુચવાયેલો છે. જે યુવાનો પર દેશ પ્રગતિની આશા લઈને બેઠો છે તે સતત નિરાશા ફેરવી રહ્યો છે ત્યારે બી.એ.પી.એસ.સંસ્થાના નવયુવાનો વ્યસનમુક્ત, નિયમધર્મયુક્ત અને સંયમપૂર્વક જીવન જીવી રહ્યા છે. સંયમ દિનની શરૂઆત સંગીતજ્ઞ યુવાવૃંદ દ્વારા ધૂન પ્રાર્થનાં અને સ્તુતિ દ્વારા થઈ અને પારાયણ પૂજન બાદ 'એક નિશાન અક્ષરધામ' શીર્ષક હેઠળ સંસ્થાના સદગુરુવર્ય વિદ્વાનવક્તા પૂજ્ય વિવેકસગર સ્વામી દ્વારા પ્રેરણાત્મક પ્રવચનનો લાભ પ્રાપ્ત થયો. ત્યારબાદ સાંસ્કૃતિક કાર્યક્રમની રજૂઆત કરવામાં આવી જેમાં રસપ્રદ અને પ્રેરણાત્મક સંવાદ પ્રસ્તુત કરવામાં આવ્યો. જેમાંથી ઉપસ્થિત સૌ કોઈએ 'ચારિત્ર્યવાન બનો, ચારિત્ર્યવાન સમાજ તૈયાર કરો'ની પ્રેરણા પ્રાપ્ત કરી. સભામાં ઉપસ્થિત વાલીઓએ પણ સંતાનોને ચારિત્ર્યવાન બનાવવા યુવાસભામાં મોકલવાની પ્રેરણા પ્રાપ્ત કરી.સભામાં હાજર સૌ યુવક યુવતીઓ પણ આજીવન માતા પિતાની સેવા કરવાના તથા સંસ્કારયુક્ત જીવન જીવવાના સંકલ્પ સાથે કટિબદ્ધ થયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થામાં ૨૦૭૩ જેટલા યુવક યુવતી કાર્યકર છે અને રાજકોટમાં પણ૩૦૦ કાર્યકરો દ્વારા ૪૫ યુવક યુવતી મંડળો ચાલીરહ્યાછે. દર રવિવારે યોજાતી રવિસભામાં પણ ૮૦૦ થી વધુ યુવક યુવતીઓ યુવાસભાનો લાભ લે છે.

રાજકોટ યુવા પ્રવૃત્તિમાં સિદ્ધાંતની સ્પષ્ટતા, ચારિત્ર્યના પાઠ શીખવતી યુવા શિબિરોનું પણ આયોજન કરવામાં આવે છે.યુવક યુવતીના જીવનમાં તાલીમ કેન્દ્ર, સંસ્કૃત અભ્યાસ દ્વારા સનાતન સંસ્કૃતિ પ્રત્યેની અસ્મિતા જાગૃત કરવામા આવે છે. આજના યુવાઓમાં સમજશક્તિ વધી છે પણ સહનશક્તિ નથી વધી; ત્યારે બી. એ. પી. એસ.સ્વામિનારાયણ સંસ્થા સદાચારી અને સંયમી યુવાપેઢીનું સર્જન કરી રહી છે અને આ યુવાપ્રવૃત્તિ યુવાનોમાં આત્મવિશ્વાસનો સંચાર કરે છે. સંયમ દિનના અંતભાગમાં પ.પૂ.મહંતસ્વામી મહારાજે આજના યુવક યુવતીને મુંઝવતા પ્રશ્નોનુંપ્રશ્નોતરી દ્વારા સમાધાન આપતા જણાવ્યું હતું કે, 'માતા-પિતા અને યુવાનો વચ્ચે જનરેશન ગેપ નહી પરંતુ સમજણનો ગેપ છે.

# માલવીયાનગર પોલીસે 'પોલીસ પ્રજાનો મિત્ર છે' સૂત્ર સાર્થક કર્યું

## ચાર તોલા સોનુ ભરેલ યુવતીનું ગુમ થયેલ પાકિટ પોલીસે તલસ્પર્શી તપાસ કરી શોધી કાઢી પરત અપાવ્યું



ભારત હેડલાઇન, તા.૨૧

માલવીયાનગર પોલીસ મથક વિસ્તારમાં એક યુવતીનું ચાર તોલા સોનુ ભરેલ પાકિટ ગૂમ થઈ જતાં પરિવારજનો પોલીસ મથકે દોડી આવ્યાં હતાં. પોલીસે ભોગ બનનારને ધરપત આપી સીસીટીવી ફુટેજના આધારે તપાસ કરી પર્સ લઈ જનાર વ્યક્તિને શોધી કાઢી યુવતીને સોનુ ભરેલ પર્સ પરત કરતાં પોલીસ પ્રજાનો મિત્ર છે સૂત્ર સાર્થક થયું હતું.

ગઈ તારીખ તા.૧૬/૦૬/૨૦૨૪ ના માલવીયાનગર પોલીસ મથકે આવેલ અરજદાર અશોકભાઈ ગોવિંદભાઈ સાકરીયાએ જણાવેલ કે, બપોરના બે વાગ્યાની આસપાસ તેઓ તેના પરીવાર સાથે બહારથી કાર લઇને તેઓના ઘરે આવેલ અને ઘરમાં જતા તેમની દીકરીએ કહેલ કે, મારી પાસે રહેલ ચાર તોલાના સોનાના દાગીના ભરેલ પાકીટ ક્યાંક પડી ગયેલ છે. જે બાબતની ગંભીરતા લઈ શહેર પોલીસ કમીશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમીશનર મહેન્દ્ર બગરીયાએ સોના ભરેલ પાકિટ શોધવાની આપેલ સૂચનાથી માલવીયાનગર પોલીસ મથકના પીઆઈ એમ.ડી.ગઢવીની રાહબરીમાં પીએસઆઈ ડી.એસ.ગજેરાએ અલગ અલગ ટીમો બનાવી અરજદારના રહેણાંક મકાનની આજુ-બાજુના સી.સી.ટી.વી. કેમેરા ચેક કરી તપાસ કરતા એક બાઈક ચાલક તેમના રહેણાંક મકાન પાસેથી પસાર થાય છે અને થોડે આગળ ચાલી પાછો વળી અરજદારના મકાન પાસે જાહેર રોડ ઉપરથી કોઇક વસ્તુ લઇ જતો જોવામાં આવ્યો હતો. જે અંગે તપાસ કરતાં હેડ કોન્સ્ટેબલ જયદેવસિંહ પરમાર, કોન્સ્ટેબલ હરસુર સબાડને બાઈક ચાલકને શોધી કાઢી પુછપરછ કરતા તેમને જણાવેલ કે, તેઓ ગઇ તા.૧૫/૦૬/૨૦૨૪ ના પોતાના ઘરે જતા હતા તે દરમ્યાન તેઓને રસ્તામાંથી એક પાકીટ મળી આવેલ જે પાકીટ પોતે ખોલી જોતા તેમાં સોનાના દાગીના જોવામાં આવતા તે વ્યક્તિએ પોતાની રીતે તપાસ કરેલ પરંતુ કોઇ મળી આવેલ નહી. જેથી તે દાગીના ભરેલ પાકીટ પોતાના ઘરે લઇને જતો રહેલ હતો. બાદમાં યુવતીનું ચાર તોલા સોનાના દાગીના ભરેલ પાકીટ મેળવી તેમને પોલીસ મથકે બોલાવી પરત આપેલ હતું અને માલવીયાનગર પોલીસ પોલીસે પોલીસ પ્રજાનો મિત્ર છે, એ સુત્ર સાર્થક કરેલ હતું.

# સામા કાંઠેથી સગીરાને ઉઠાવી જઈ ઉપલેટા લઈ જઈ દુષ્કર્મ આચર્યું

## રાજકોટ આવતા જ બી ડિવિઝન પોલીસે દબોચી લઈ સગીરાને મુક્ત કરાવી

ભારત હેડલાઇન, તા.૨૧

શહેરના સામા કાંઠે રહેતા યુવકે બી ડિવિઝન પોલીસ મથકમાં તેની ૧૭ વર્ષની દીકરીના અપહરણ અંગે ફરિયાદ નોંધાવી હતી જેમા જણાવ્યું હતું કે ગત ૦૮ તારીખે પરીવાર સાથે રાત્રીના સમયે ઘરના ધાબા ઉપર સૂતા હતા રાત્રીના સમયે પત્ની જાગી જતા સગીર પુત્રી જોવા મળી ન હતી જેથી આજુબાજુ તપાસ કરવા છતાં દીકરીનો કોઈ પતો લાગ્યો ન હતો પુત્રી ત્રણેક મહિના પહેલા તેમની પત્નીના મોબાઈલ ફોનમાંથી અમન બનારસી ગુપ્તા નામના શખ્સ સાથે ફોનમાં વાત કરતા પકડાયેલ હતી. ત્યારે પુત્રીને ઠપકો આપ્યો હતો અગાઉ પણ તે આરોપી સાથે જતી રહી હતી. બાદમાં જાતે ઘરે પરત આવી ગઈ હતી. જેથી અમન નામનો શખસ તેમની પુત્રીને લગ્નની લાલચ આપી ભગાડી ગયો હોય અપહરણની ફરીયાદ નોંધાવી હતી.

બનાવને પગલે બી ડિવિઝન પીઆઇ ખોડુંભા કરપડા સહિતની ટીમે સીસીટીવી ફુટેજ અને મોબાઈલ નંબરના આધારે તપાસ હાથ ધરી ચોક્કસ બાતમી આધારે આરોપી અમન બનારસી ગુપ્તાને દબોચી સગીરાને મુક્ત કરાવી હતી આરોપી અમન સગીરાને તેની ઘરેથી ભગાડી ઉપલેટાના ઢાંક ગામે વાડી વિસ્તારમાં લઈ ગયો હતો અને ત્યાં સિમ વિસ્તારમાં રહી સગીરા પર અનેકવાર દુષ્કર્મ આચર્યું હતું. જે બાદ તે રાજકોટ આવતા પોલીસે તેને પકડી લઈ પોક્સો અને દુષ્કર્મની કલમનો ઉમેરો કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# રાજકોટ જિલ્લાના ૫૧ નાયબ મામલતદારની બદલીની મહોર મારતા કલેકટર પ્રભવ જોશી

## લોકસભાની ચૂંટણી પૂરી થતા જ બદલીનો દોર : બિનખેતી-પુરવઠા શાખામાં સાફસુફી

ભારત હેડલાઇન, તા.૨૧

લોકસભાની ચૂંટણી પુરી થયા બાદ જીલ્લા કલેકટર પ્રભવ જોશીએ નાયબ મામલતદારોની બદલીનો દોર હાથ પર લઈ ૫૧ જેટલા નાયબ મામલતદારોની સામુહિક આંતરીક બદલીઓના ઓર્ડરોનો ઘાણવો કાઢયો છે. જેમાં કલેકટર કચેરીની બીનખેતી અને પુરવઠા શાખામાં સાફસુફી કરવામાં આવી છે તેમજ ૧૫ નાયબ મામલતદારોને ડીઝાસ્ટર વિભાગના હવાલે કરવામાં આવેલ છે.

આગામી ચોમાસાની ઋતુ દરમ્યાન વાવાઝોડુ, પુર પ્રકોપ, અતિવૃષ્ટિની પરિસ્થિતિમાં રાહત અને તકેદારીના પગલા માટે જીલ્લા-તાલુકા કક્ષાએ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર શરૂ કરવા અને રાજકોટ સહિત રાજયના ૩૩ જીલ્લાઓ તથા ૨૭૧ તાલુકાઓમાં હંગામી મહેકમ તા.૩૦/૧૧ સુધીનું મંજુર કરવામાં આવેલ છે. જે અંતર્ગત જીલ્લા કલેકટર દ્વારા આ બદલીના ઓર્ડરો ઈશ્યુ કરી દેવામાં આવેલ છે. જેમાં જીલ્લા પુરવઠા કચેરીમાં પુરવઠા નિરીક્ષક તરીકે ફરજ બજાવતા તેજ પાનસુરીયાને કલેકટર કચેરીની ઈમરજન્સી ઓપરેશન સેન્ટરમાં મુકવામાં આવેલ છે. આવી જ રીતે રાજકોટ પ્રાંત-૨ કચેરીના ભાવીન વૈષ્ણવને રાજકોટ શહેરની પુર્વ મામલતદાર કચેરીમાં, નાયબ કાર્યપાલક ઈજનેરની કચેરી પડધરીના ધવલ ભીમજીયાણીને રાજકોટ શહેરની પશ્ચિમ મામલતદાર કચેરીમાં મુકવામાં આવેલ છે.



રાજકોટ દક્ષિણ મામલતદાર કચેરીના ભરત પરમારને આજ કચેરીમાં ઈમરજન્સી ઓપરેશન સેન્ટરમાં મુકવામાં આવેલ છે. જયારે રાજકોટ તાલુકા મામલતદાર કચેરીના ના.મામલતદાર કિરીટસિંહ ઝાલાને આજ કચેરીના ઈમરજન્સી ઓપરેશન સેન્ટરમાં ફરજ સોંપવામાં આવી છે. કોટડાસાંગાણી મામલતદાર કચેરીના ના.મામલતદાર પવન પટેલને નવી મંજુર થયેલ જગ્યા પર આજ કચેરીમાં ફરજ સોંપવામાં આવી છે. રાજકોટ શહેર પ્રાંત-૧ કચેરીના નાયબ મામલતદાર મહેન્દ્ર ભાલોડીને આજ કચેરીમાં સીરસ્તેદાર તરીકે ફરજ સોંપવામાં આવી છે.

જયારે પ્રાંત-૨ કચેરીના ફરજ બજાવતા ના. મામલતદાર હિતેન્દ્રસિંહ ચુડાસમાને તેમની મુળ જગ્યાએ પ્રાંત-૨ કચેરીમાં સીરસ્તેદાર તરીકે નિમણુંક કરી દેવામાં આવી છે. આ ઉપરાંત રાજકોટ ગ્રામ્ય પ્રાંત કચેરીમાં મદદનીશ ચૂંટણી અધિકારી તરીકે ફરજ બજાવતા અશ્વીન દોશીને કલેકટર કચેરીના જીલ્લા ઈમરજન્સી ઓપરેશન સેન્ટરમાં મુકવામાં આવેલ છે. કલેકટર પ્રભવ જોશી દ્વારા ૫૧ જેટલા નાયબ મામલતદારોની આંતરીક બદલી કરવામાં આવી છે જેમાં બીનખેતી અને પુરવઠા શાખામાં સાફસુફી કરવામાં આવી છે જયારે ૧૫ નાયબ મામલતદારોને ડીઝાસ્ટર વિભાગના હવાલે મુકી દેવામાં આવેલ છે. નાયબ મામલતદારોની આ સામુહિક બદલીના પગલે કેટલાક કર્મચારીઓમાં ભારે કચવાટ જાગ્યો છે.

# થાનગઢમાં પાંજરાપોળના ટ્રસ્ટીઓને ધમકી આપતા પોલીસ કર્મચારી વિરુધ્ધ રજૂઆત

- પોલસ કર્મીએ પાંજરાપોળના ટ્રસ્ટીઓ પૈસા ખાઇ જતા હોવાનું આક્ષેપ કર્યો

ભારત હેડલાઇન, તા.૨૧

અહીં પાંજરાપોળમાં અબોલ તથા નિરાધાર ગાયો તથા પ્રાણીઓની સેવા કરતી સંસ્થા પાંજરાપોળમાં ઘટના કઈંક એમ બની હતી કે આ સંસ્થામાં ભૂતકાળમાં સેવા બજાવી ચૂકેલ તથા હાલમાં પોલિસમાં ફરજ બજાવી રહેલા લાલાભાઈ પોલીસવાળાએ પાંજરાપોળના ટ્રસ્ટી જયરાજભાઈ ખાચરને ફોન કરી તમે બધા પૈસા ખાઈ જાવ છો તેવા ખોટા આક્ષેપો કરીને તમામને ખુલ્લા પાડી દેવાની ધમકી આપી હતી. આથી જયરાજ ભાઈએ તાત્કાલિક પાંજરાપોળ થાનગઢના ટ્રસ્ટીઓની મિટિંગ બોલાવી



હતી. જેમાં દિગુભાઈ રાણા, હરેશભાઈ, ભુપતભાઈ ખમાણી, કિરીટભાઈ વોરા, વિરાટભાઈ દોઢીવાળા, અનિલભાઈ સિંધી, વીનુભાઈ પ્રજાપતિ વિગેરેએ પણ જણાવેલ કે લાલો પોલિસ તેઓને પણ કઈંક આ પ્રકારે ફોન પર ધમકી દઈ ચુક્યો છે. આ મિટિંગમાં એવું જાણવા મળ્યું હતું કે લાલા પોલીસે મોન્ટુ કાપડી નામના માથાભારે માણસ ને ઉશ્કેરીને પાંજરાપોળ માં સેવા આપતા સત્યપાલ સિંહ ઝાલા તથા ફિરોઝ ખાન ને બે દિવસ પહેલા ધમકી આપેલ હતી. જે બાબતની બે પોલીસ ફરિયાદ પણ દાખલ થઈ હતી. જેથી આજે પાંજરાપોળના ટ્રસ્ટીઓએ સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ વડા ને રૂબરૂ મળી આવેદન પત્ર આપ્યું હતું તથા થાનગઢ મામલતદાર સમક્ષ અને થાન પોલીસ સ્ટેશન એ લાલા પોલીસ વિરુદ્ધ રજૂઆત કરી હતી. અંતે ઉપરથી આદેશો છુટતા આજે મોડી સાંજે થાનગઢ પોલીસ સ્ટેશનમાં લાલા પોલીસ અને મોન્ટુ કાપડી વિરુદ્ધ પોલીસ ફરિયાદ દાખલ કરાઈ હતી. જેમાં ટ્રસ્ટી હીરાભાઈ મીર ફરિયાદી બન્યા છે. હાલ તો આ ઘટના એ થાનગઢમાં ચકચાર મચાવી દીધી છે.

# રાજકોટમાં ઉંચી ઈમારતો માટે એરપોર્ટ ઓથોરિટીના NOCની જરૂર નહીં પડે

ભારત હેડલાઇન, તા.૨૧

રાજકોટ શહેર વચ્ચે આવેલા જૂના એરપોર્ટનું અમદાવાદ હાઈવે ઉપર સ્થળાંતર થઈ ગયા બાદ હવે શહેરમાં બહુમાળી બિલ્ડીંગો માટે એરપોર્ટ ઓથોરીટીનું એનઓસી લેવાની પ્રથા નાબુદ થઈ જતાં શહેરમાં ગગનચુંબી ઈમારતો બાંધવાનો માર્ગ મોકળો થઈ ગયો છે.

શહેર વચ્ચે આવેલા એરપોર્ટના કારણે શહેરમાં બહુમાળી બિલ્ડીંગોની ઉંચાઈની મર્યાદા ૫૦થી ૫૫ મીટર એટલે કે, ૧૪ માળ સુધીની હતી પરંતુ હવે જૂનું એરપોર્ટ બંધ થઈ જતાં આ ઉંચાઈ મર્યાદા ખતમ થઈ ગઈ છે. અને બિલ્ડરો ૫૦ કે, ૧૦૦ માળ ઉંચા બિલ્ડીંગ માટે પણ મંજુરી મેળવી શકશે. જો કે, આ માટે ટીપીના ધારા-ધોરણ મુજબ જમીનનું ક્ષેત્રફળ હોવું જરૂરી છે. રાજકોટ શહેરમાં આવેલા એરપોર્ટનું અમદાવાદ હાઈવે ઉપર સ્થળાંતર થઈ જવા છતાં શહેરમાં નવા બિલ્ડીંગોની મંજુરી માટે એરપોર્ટ ઓથોરીટીનું એનઓસી માંગવામાં આવતું હોવાની રાજકોટ બિલ્ડર એસોસીએશનના ધ્રુવીક તળાવિયા સહિતના હોદેદારોએ કેન્દ્રીય ઉડ્ડયનમંત્રીને તાજેતરમાં રજૂઆત કરી હતી જેનો સાનુકુળ પડઘો પડ્યો છે. અને શહેરમાં નવા બિલ્ડીંગોના બાંધકામ માટે એરપોર્ટ ઓથોરીટીના એનઓસી માંગવાની પ્રથા બંધ કરતું જાહેરનામું આજે પ્રસિધ્ધ થઈ જતાં બિલ્ડરોમાં રાહતની લાગણી ફેલાયેલ છે.

# અમિત શાહે રૂ.૩૬.૪૪ કરોડના ખર્ચે તૈયાર થયેલી 30 સ્માર્ટ સ્કૂલોની ભેટ આપી






## ● ગાંધીનગરને સર્વશ્રેષ્ઠ મતક્ષેત્ર બનાવીશઃ કેન્દ્રીય ગૃહ અમિત શાહ


ભારત હેડલાઇન, તા.૨૧

કેન્દ્રીય ગૃહ અને સહકારીતા મંત્રી અમિત શાહે પોતાના લોકસભા મતવિસ્તારમાં રૂ. ૩૬.૪૪ કરોડના ખર્ચે તૈયાર થયેલા આધુનિક સુવિધાથી સજ્જ ૩૦ સ્માર્ટ સ્કૂલનું ઈ-લોકાર્પણ કર્યું હતું. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની નારણપુરા અનુપમ સ્કૂલમાં ગૃહ મંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રીએ શાળાના બાળકોના વિવિધ પ્રોજેક્ટ નિહાળી તેમની સાથે સંવાદ કર્યો હતો.

લોકસભા ચૂંટણી ૨૦૨૪માં પ્રચંડ જનસમર્થન મેળવીને વિજયી થયા બાદ નવી સરકારમાં કેન્દ્રિય ગૃહ અને સહકાર મંત્રીનો પદભાર સંભાળ્યા પછી પોતાના સંસદીય મતવિસ્તારના પ્રથમ જાહેર કાર્યક્રમમાં ગરીબ બાળકોના શિક્ષણ માટે સ્માર્ટ સ્કૂલની ભેટ આપવાની મળેલી તકને અમિત શાહે સૌભાગ્ય-તક ગણાવી હતી. કેન્દ્રિય ગૃહ અને સહકાર મંત્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના બાળકો-વિદ્યાર્થીઓ વિશ્વ સમકક્ષ સમયાનુકૂળ શિક્ષણ મેળવી શકે તે માટે નવી શિક્ષણ નીતિ-૨૦૨૦નો અમલ કરાવ્યો છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સ્કૂલ બોર્ડ અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત ૩૦ સ્માર્ટ સ્કૂલ સ્કીલ ડેવલપમેન્ટ વોકેશનલ ટ્રેનિંગ એમ્પાવરમેન્ટ બધાના વિનિયોગ સાથે ગરીબ બાળકોને શિક્ષણ સંસ્કારથી સીંચિત કરશે. આ ૩૦ સ્માર્ટ સ્કૂલના લોકાર્પણથી ૧૦ હજારથી વધુ સેવાવસ્તીના ગરીબ અને વંચિત સમુદાયના બાળકોને નવી શિક્ષણ નીતિ અનુરૂપ શિક્ષણનો લાભ મળશે. એટલું જ નહીં, ગાંધીનગર લોકસભા મતવિસ્તારમાં ૬૯માંથી ૫૯ સ્માર્ટ સ્કૂલો તૈયાર થઈ ગઈ છે અને બાકીની ૧૦ સ્કૂલોનું કામ પણ ખૂબ જ ઝડપથી પૂર્ણ કરવામાં આવશે. આમ બધી જ ૬૯ સ્માર્ટ સ્કૂલ દ્વારા ૩૦ હજારથી વધુ સેવાવસ્તી બાળકોને અદ્યતન ટેક્નોલોજી સભર શિક્ષણ મળતું થશે.

વધુમાં તેમણે જણાવ્યું કે, શિક્ષણ ક્ષેત્રે મધ્યમ અને ગરીબ ઘરના બાળકોની પ્રગતિ જોઈને આનંદ થાય છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ૪૪૯ શાળાઓમાં હાલમાં અંગ્રેજી, ગુજરાતી, હિન્દી અને ઊર્દૂ ભાષામાં શિક્ષણ આપવામાં આવે છે. એની સાથે જ વિવિધ શાળાઓમાં ૩ડી પ્રિન્ટિંગ, અદ્યતન ટેકનોલોજીયુક્ત વિજ્ઞાનના વર્ગખંડ, કમ્પ્યુટર રૂમ, લાઈબ્રેરી, ભારતીય સંસ્કૃતિના તમામ પાસાઓના અભ્યાસને આવરી લઈને સમાવેશ કરવામાં આવ્યો છે. અમિત શાહે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, આવનારા દિવસોમાં આ સ્માર્ટ સ્કૂલ્સ વિદ્યાર્થીઓને ઉજ્જવળ કારકિર્દી ઘડવામાં મદદરૂપ નીવડશે અને વિકસિત ભારતના નિર્માણ માટેના ભાવિ નાગરિકો આ સ્માર્ટ સ્કૂલમાંથી તૈયાર થશે.

# નડાબેટમાં મુખ્યમંત્રીની હાજરીમાં આંતરરાષ્ટ્રીય યોગ દિનની ઉજવણી





ભારત હેડલાઇન, તા.૨૧

ગુજરાતમાં રાજ્યાકક્ષાના વિશ્વ યોગ દિવસની ઉજવણી બનાસકાંઠાના નડાબેટ ખાતે કરવામાં આવી હતી. જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી, બીએસએફના જવાનો સહિત મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, આજના યુગમાં તણાવમુક્ત અને સરળ જીવનશૈલી માટે યોગ ઉત્તમ કહેવાય છે. યોગ પ્રાચીન ભારતના ઋષિમુનિઓએ આપેલી અમૂલ્ય ભેટ છે. આશરે પાંચ હજાર વર્ષ પહેલાં પતાંજલિ ઋષિએ યોગશાસ્ત્રનું સર્જન કર્યું હતું. ત્યારથી યોગની પરંપરા ચાલી આવે છે.

યોગ દિવસની ઉજવણી નિમિત્તે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ બનાસકાંઠાની સરહદી ચેકપોસ્ટ નડાબેટમાં પહોંચ્યા હતા. ત્યારે તેઓ ગુરુવારે જ સાંજે બનાસકાંઠા જિલ્લાના થરાદ પહોંચી ગયા હતા. અહીંના વડગામડા ગામ ખાતે નાગરિકો સાથે લોકસંવાદ કરી તેમના પ્રશ્નો સાંભળ્યા હતા. લોકોએ અહીં જમીન રિ સરવે, પાણી, રસ્તા, શિક્ષણ અને સિંચાઈ જેવા મુદ્દા રજૂ કર્યા હતા. મુખ્યમંત્રીએ તેનું નિરાકરણ લાવવા વાયદો આપ્યો હતો.

# કાલે કવિ આપ પરિવાર દ્વારા સ્મૃતિ વિશેષ 'સંભારણા' કાર્યક્રમમાં જાણીતા લોકગાયકો જમાવટ કરશે

- પદ્મશ્રી હેમંત ચૌહાણ, કીર્તિદાન ગઢવી, ધીરૂભાઇ સરવૈયા, અનુભા ગઢવી, પૂનમ ગોંડલીયા, અલ્પા પટેલ, બીરજુ બારોટ સહિતના કલાકારો ભાગ લેશે

ભારત હેડલાઇન, તા.૨૧

ગુજરાતના ગામડે ગામડે અને પ્રદેશ રાજ્યના સીમાડા વળોટી દેશ-પરદેશ જેની કૃતિઓ ગુંજે છે, લોકસાહિત્ય, ચારણીસાહિત્ય, આકાશવાણી, દૂરદર્શન, સીનેમા-નાટ્ય,



જાહેર લોકમંચ અને સાંપ્રત સંચાર માધ્યમમાં દ્રશ્ય શ્રાવ્ય અને ધ્વનિમુદ્રિત સાહિત્ય સંગીત ક્ષેત્રે જેનું આગવું અને અનેરું પ્રદાન રહ્યું છે અને જેમના અનેક ગીત, ગઝલ, ભજન, દોહા-છંદ, લોકવાતા, સંગીતરૂપક, રેડિયો નાટક, કથા-પટકથા, સંવાદ, સંગીત, સ્વરાંકન આજે પણ લોકોના હૈયે-હોઠે વસે છે અને રાજ્ય સરકારના બે શ્રેષ્ઠ ગીતકાર એવોર્ડ, કવિ કાગ એવોર્ડ, માંગલ શક્તિ એવોર્ડ જેવા અનેક માન સન્માન અર્જિત સૌરાષ્ટ્રના જાણીતા કવિ, લેખક, ગાયક, વક્તા, સ્વરકાર-સંગીતકાર સ્વ. આપાભાઇ ગઢવી (કવિ આપ) ની ૩૦મી પૂણ્યતિથિ આગામી ૨૩ મીના રવિવારના રાત્રે નવ કલાકે, કવિ આપ સ્મૃતિ વિશેષ 'સંભારણાં' કાર્યક્રમ, કવિ આપ પરિવાર દ્વારા રાજકોટના બોલબાલા-કોઠારીયા રોડ વચ્ચે વિનોદનગર સોસાયટીના નવદુર્ગા ગરબી ચોક સ્થિત જડેશ્વર મંદિર પરિસરના વિશાળ પટાંગણમાં યોજાનાર છે. કાગળિયા લખી લખી થકી, કરેલા કરમના બદલા દેવા પડે, ઝુંપડીએ કોક તો જાજો, મોગલ છેડતાં કાળો નાગ, પ્રીતું રે કરીને અમે ઘણું પછતાણાં, માનવ નડે છે માનવીને મોટો થયા પછી, હે માનવ વિશ્વાસ કરી લે, તમોને મુબારક તમારી અમીરી, કોઇ માટેલ જઇને મનાવો મારી બેનું રે જેવી અનેક કમર કૃતિના રચયિતા સ્વ. આપાભાઇ ગઢવીની (કવિ આપ)ની પુણ્ય સ્મૃતિમાં પ્રતિ વર્ષ કવિ 'આપ' પરિવાર દ્વારા 'સંભારણાં' કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. જેમાં સૌરાષ્ટ્ર-ગુજરાતના નામિ લોકગાયકો, ભજનિકો, લોક-ચારણી સાહિત્યવિદ્ વક્તાઓ ઉપસ્થિત રહી કવિ આપના કવન, કથન, સજન, સૂર, શબ્દ અને સંગીત સ્વરાંકનના સળંગ પ્રસ્તુતિકરણ દ્વારા સાદર શ્રધ્ધાસુમન અર્પણ કરે છે. ઉપરોક્ત કાર્યક્રમમાં હેમંત ચૌહાણ, કીર્તિદાન ગઢવી, ધીરુભાઇ સરવૈયા, અનુભા ગઢવી, પૂનમ ગોંડલીયા, અલ્પા પટેલ, બિરજુ બારોટ આદિ કલાકાર ગણ બાલા ઉસ્તાદ, શબ્બીર ઉસ્તાદ, બળવંત ગોસાઇ, દિનેશ ગઢવી, રવિ જાદવ, અભય વ્યાસ, જીજ્ઞેશ ગોસ્વામી, શ્યામ-કાનજી-પ્રકાશ આદિની સૂરીલી સાઝ સંગતે પ્રસ્તુત થવા જનાર આ વર્ષના કવિ 'આપ' સ્મૃતિ વિશેષ 'સંભારણાં' કાર્યક્રમમાં સમયસર હાજર રહેવા, સ્વ. કવિના ચાહકો-અભિભાવકો અને પ્રશંસકો ઉપરાંત સર્વ સાહિત્ય અને કલારસિક શ્રોતાગણને જાહેર આમંત્રણ પાઠવાયું છે.

# રાજકોટમાં ૨૩ વર્ષથી પ્રેકટીસ કરતા એડવોકેટ કિશન પટેલની નવી ઓફીસનો પ્રારંભ થશે

ભારત હેડલાઇન, તા.૨૧



રાજકોટમાં રહેતા કિશન એમ.પટેલ છેલ્લા ૨૩ વર્ષથી એડવોકેટ તરીકે પ્રેકટીસ કરી રહ્યા છે. રાજકોટના સીનીયર એડવોકેટ અનીલભાઈ દેસાઈના જુનીયર તરીકે વકીલાતની શરૂઆત કરેલી તેઓ ખુબજ મિલનસાર સ્વભાવ ધરાવતા હોય વકીલોમાં ખુબજ લોકચાહના ધરાવે છે. તેઓ રાજકોટ ખાતે મારવાડી શેર્સ એન્ડ ફાયનાન્સ લી.ના એડવોકેટ તરીકે છેલ્લા ૧૫ વર્ષથી ફરજ બજાવે છે. અને મારવાડી શેર્સ એન્ડ ફાયનાન્સ લી. વતી સમગ્ર દેશની અદાલતોમાં કેસ ચલાવે છે. તેમજ દેશની ખુબ જ ખ્યાતનામ ઈન્ટર નેટ પ્રોવાઈડ કરતી કંપની ઈશાન નેટ સોલ પ્રા.લી. તેમજ માધવ શરાફી સહકારી મંડળી લી. તથા રાજગોર શરાફી સહકારી મંડળી તથા રાજકોટની અન્ય ઘણી બધી કંપનીઓ તથા બેંકો તથા મંડળીઓ સાથે સંકળાયેલા છે. તેઓ છેલ્લા ઘણા વર્ષોથી પંચનાથ કોમર્શીયલ સેન્ટર હરીહર ચોક, ખાતે ઓફીસ ધરાવે છે. અને રાજકોટ ડીસ્ટ્રીકટ કોર્ટ જામનગર રોડ ઉપર શીફટ થતા તેઓએ રાજકોટના પ્રાઈમ લોકેન ઓફીસ નં. ૫૧૧/૫૧૨, પ્રાઈડ સેફાયર વિદ્યાકુંજ રોડ, અમીન માર્ગ પાસે, રાજકોટ ખાતે નવી ઓફીસ કે.એમ. પટેલ એસોસીએટનું શુભ આરંભ તા.૨૩ના રોજ રાખેલ છે. તેમની ઓફીસના ઉદઘાટન પ્રસંગ નીમીતે તમામ મિત્રો, સ્નેહીઓ, સગા વ્હાલાઓ તેમજ સામાજીક આગેવાનો દ્વારા ચોમેરથી તેમના મો.નં. ૯૯૭૮૨ ૧૪૧૮૯ ઉપર શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે.

# સૌ. યુનિ. સંલગ્ન બી.એડ. કોલેજોમાં GCAS પોર્ટલ દ્વારા પ્રવેશ થાય તે જ માન્ય રાખવા ઉઠી માંગ


- અલગ પ્રવેશ રચવાથી કોને લાભ : પ્રદેશ કોંગ્રેસના પ્રવકતા ડો.બારોટ દ્વારા કુલપતિને લખાયો પત્ર



ભારત હેડલાઇન, તા.૨૧

સૌરાષ્ટ્ર યુનિ.સંલગ્ન બી.એડ કોલેજોમાં જી.સી.એ.એસ. પોર્ટલ દ્વારા પ્રવેશ થાય તેજ માન્ય રાખવા માંગણી ઉઠાવી આ મામલે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતીના પ્રવકતા ડો.નિદત બારોટએ યુનિ.ના કુલપતિને પત્ર પાઠવીને રજૂઆત કરી છે. આ અંગે ડો.નિદત બારોટએ જણાવેલ છે કે ગુજરાત સરકાર દ્વારા જીસીએએલ પોર્ટલના માધ્યમથી ગુજરાતના વિદ્યાર્થીઓ પાસેથી બી.એડ.માં પ્રવેશ મેળવવા માગતા વિદ્યાર્થીઓ પાસેથી ૩૦૦ રૂપિયા ભરાવી પ્રવેશ ફોર્મ ભરાવેલ છે. કોલેજોના પોર્ટલમાં કયા વિદ્યાર્થીની કઈ કોલેજ પસંદગી છે તે પણ દર્શાવેલ છે. આર્ટસ, કોમર્સ, સાયન્સ વગેરેમાં જેમ કોલેજ દ્વારા સરકારે આપેલ મેરીટ યાદી મુજબ પ્રવેશ ચાલે છે. તે પ્રકારે જ બી.એડ.માં પણ સરકારે નિયત કરેલ નિયમાનુસાર પ્રવેશ કાર્યવાહી ચાલવા દેવી જોઈએ. યુનિવર્સિટી નવી પ્રવેશ સમિતિ બનાવી અને સરકારે નિયત કરેલ જી.સી.એ.બેલ પોર્ટલ ઉપર ફરી પ્રકિયા કરવાની જરૂર નથી. સરકારના જીસીએએલ પોર્ટલ પર યુનિવર્સિટીના કુલપતિને ભરોસો ના હોય તેવું લાગી રહ્યું છે. રાજય સરકારના પોર્ટલથી ઉપર બીએડ પ્રવેશ સમિતિ રચવાથી વિદ્યાર્થીઓને શું લાભ થવાનો છે. તેઓ બી.એડ. તેઓએ ઉઠાવેલ છે. રાજય સરકારની ઉપર નવી સમિતિ કોના લાભાર્થી બનાવી છે તે સમજાતું નથી. વર્ષ ૨૦૨૪ની બીએડ પ્રવેશ સમિતિ રદ કરી અને સરકારના પોર્ટલ પર જે પ્રમાણે કાર્યવાહી ચાલે છે. તે પ્રમાણે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં પ્રવેશ કાર્યવાહી કરવા જાહેર કરવા અન્ય યુનિવર્સિટીમાં જયાં પ્રવેશ પરીક્ષા લેવામાં આવતી નથી તે બધી જગ્યાએ જીસીએએસ પોર્ટલના પ્રવેશ ચાલે છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પણ પ્રવેશ પરીક્ષા નથી ત્યારે જીસીએએસ પોર્ટલ દ્વારા કોલેજમાં પ્રવેશ થાય તેજ માન્ય કરવા જોઈએ પ્રવેશ સમિતિ રદ કરવી જોઈએ.તેમ ડો. બારોટે જણાવેલ હતું.

# ઓખા-પુરી ટ્રેન ૩ જુલાઇ સુધી ડાયવર્ટ કરાયેલા રૂટ પર દોડશે



દક્ષિણ મધ્ય રેલવેના કાઝીપેટ-બલ્હારશાહ સેક્શનમાં નોન-ઈન્ટરલોકીંગ કામના કારણે, રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી ઓખા-પુરી અને પુરી-ઓખા સાપ્તાહિક એક્સપ્રેસ ટ્રેનો ૩ જુલાઈ, ૨૦૨૪ સુધી ડાયવર્ટ કરાયેલા રૂટ પર દોડશે. આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે. ૨૬ જૂન અને ૩ જુલાઈ, ૨૦૨૪ ના રોજ ઓખાથી ચાલનારી ટ્રેન નંબર ૨૦૮૨૦ ઓખા-પુરી એક્સપ્રેસ તથા ૨૩ જૂન અને ૩૦ જૂન, ૨૦૨૪ ના રોજ પુરીથી ચાલનારી ટ્રેન નંબર ૨૦૮૧૯ પુરી-ઓખા એક્સપ્રેસ ડાયવર્ટ કરાયેલા રૂટ વાયા વર્ધા, નાગપુર, રાયપુર, ટિટિલાગઢ, રાયગડ, વિજયનગરમ અને ખુર્દા રોડ થઈને ચલાવવામાં આવશે.

# પ્રાદેશિક માહિતી કચેરીના પ્રાંગણમાં વિશ્વ યોગ દિવસની કરાઈ ઉત્સાહભેર ઉજવણી



ભારત હેડલાઈન, તા.૨૧

રાજકોટ શહેરમાં જયુબિલી બાગ ખાતે આવેલી પ્રાદેશિક માહિતી કચેરીના પ્રાંગણમાં ૨૧ જૂન - 'વિશ્વ યોગ દિવસ'ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. જે અન્વયે વ્હેલી સવારે શાંત વાતાવરણમાં સાધકો યોગાભ્યાસ કરીને યોગમય બન્યા હતાં. પ્રાદેશિક માહિતી કચેરી, રાજકોટ ખાતે 'વિશ્વ યોગ દિવસ'ની ઉજવણી નિમિત્તે યોગ શિબિર યોજવામાં આવી હતી. આ યોગ શિબિરમાં જોડાયેલા લોકોને ગુજરાત રાજ્ય યોગ બોર્ડના યોગ કોચશ્રી મીતાબેન તેરૈયા અને તેમની ટીમના યોગ ટ્રેનર્સ દ્વારા સૌ પ્રથમ સૂક્ષ્મ વ્યાયામ તથા સૂર્ય નમસ્કારથી શિબિરનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ યોગ શિબિરમાં ત્રિકોણાસન, વૃક્ષાસન, વક્રાસન, ઉષ્ટ્રાસન, શવાસન સહિતના યોગાસનો તેમજ કપાલભાતિ, અનુલોમ વિલોમ જેવા વિવિધ પ્રાણાયામોનો સાધકોએ લાભ લીધો હતો. તેમજ યોગ કોચશ્રીએ યોગાસન, પ્રાણાયામ અને ધ્યાન કરવાથી શારીરિક અને માનસિક સ્વાસ્થ્યને થતાં ફાયદાની જાણકારી આપી હતી તથા નિયમિત યોગ કરવા પ્રોત્સાહન આપ્યું હતું. આ તકે સહાયક માહિતી નિયામક સોનલબેન જોશીપુરા, પ્રિયંકાબેન પરમાર, પારુલબેન આડેસરા અને વોટસન મ્યુઝિયમના ક્યુરેટર સંગીતાબેન રામાનુજ સહિતના સ્ટાફ અને સ્થાનિકો સહભાગી બન્યા હતા.

# જય જગન્નાથ : ગગનભેદી નાદ સાથે આજે જળયાત્રામાં ૧૦૮ કળશધારી બાળાઓ જોડાશે

- પરંપરા અનુસાર રાજકોટ પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝાના વરદ હસ્તે કરાશે મહાઅભિષેક



ભારત હેડલાઈન, તા.૨૧

ભગવાન જગન્નાથજીના રથયાત્રા મહોત્સવની વિધિવત શરૂઆત જેઠ સુદ-પુનમના દિવસે જળયાત્રાથી થાય છે. રાજકોટમાં નાનામવા ખાતે આવેલ જગન્નાથ મંદિરે વૈદિક પરંપરા મુજબ તા.૨૨ને શનિવારના રોજ ભવ્ય જળયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૧૦૮ કળશધારી બાળાઓ વાજતે-ગાજતે નાનામવા ગામના કુવે પાણી ભરવા માટે જશે જે પાણી અને કેશર ચંદનથી મંદિરના પટાંગણમાં ભગવાન જગન્નાથજીને સ્નાન કરવામાં આવશે. આ જળયાત્રામાં બાળાઓ-બહેનો, સાધુસંતો અને ભક્તજનો જોડાશે. ધાર્મિક પરંપરા મુજબ ભગવાન ભક્તોના દુઃખ હરનારા જગતના નાથને પણ શરદી થઈ જતી હોય તેના ઈલાજ માટે કરવા માટે આ સ્નાન વિધિ કરવામાં આવતી હોય છે. દુધ કેશર અને ૧૦૮ ઘડા જળથી સ્નાન કરાવ્યા બાદ નીજ મંદિરમાં પરત લાવવામાં આવે છે. દર વર્ષે પોલીસ કમિશ્નરના હસ્તે મહા અભિષેક કરવામાં આવતો હોય. આ વર્ષે નવા પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાના હસ્તે આ અભિષેક વિધિ કરવામાં આવશે. આ જળયાત્રા અને અભિષેક વિધિમાં ભક્તજનોને જોડાવા જગન્નાથ મંદિરના મહંત શ્રી ત્યાગી મનમોહનદાસજી ગુરુ રામકિશોરદાસજી ની યાદીમાં જણાવાયું છે.

# સૌ.યુનિ. કેમ્પસમાં કુલપતિ પ્રોફે. નિલાંબરીબેન દવે અને કુલસચિવ ડો. રમેશભાઈ પરમારના માર્ગદર્શન હેઠળ કરાઈ વિશ્વ યોગ દિનની ઉજવણી





ભારત હેડલાઈન, તા.૨૧

આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિતે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસમાં 'Yoga for Self and Society' ની થીમ પર કાનજી ભુટા બારોટ રંગમંચ ખાતે વહેલી સવારે ૭:૦૦ વાગ્યે બોર્ડ ઓફ મેનેજમેન્ટ તથા એકઝીકયૂટીવ કાઉન્સિલના સભ્યઓ, વિવિધ ભવનોના અધ્યાપકઓ, અધિકારીઓ, શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓ, વિદ્યાર્થીઓ અને નગરજનો સહિત બહોળી ઉપસ્થિતિ વાળા આ પ્રભાવશાળી કાર્યક્રમમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા સુંદર આયોજન કરવામાં આવેલ હતું. યોગની પ્રત્યક્ષ જાણકારી મળે તે માટે સ્થળ પર યોગ નિર્દેશકો દ્વારા યોગનું નિદર્શન કરવામાં આવેલ હતું અને યોગ કાર્યક્રમ દરમ્યાન તાત્કાલીક સારવાર માટે તબીબની ટીમ હાજર હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા કુલપતિ પ્રોફે. નિલાંબરીબેન દવે અને કુલસચિવ ડો. રમેશભાઈ પરમારના માર્ગદર્શન હેઠળ શારિરીક શિક્ષણ નિયામક ડો. હરીશભાઈ રાબા, કે.કે. બાવડા, જયસિંગભાઈ, મૌનિકભાઈ ગઢવી, ઉમેશભાઈ માઢક સહિતનાએ જહેમત ઉઠાવી હતી.

માલિક, મુદ્રક, પ્રકાશક અને તંત્રી : અમિતકુમાર બીપીનભાઈ ઠક્કર, મુદ્રણ – પ્રકાશન સ્થાન : ભારત હેડલાઈન પ્રિન્ટર્સ, ડ્રિમ સીટી ડી૨–૧૦૩, દ્વારકેશ પાર્ક પાસે, આલાપ ગ્રીન સીટી પાછળ, રૈયા રોડ, રાજકોટ–૩૬૦૦૦૭
Onwer, Publisher, Printer Editor : AMITKUMAR BIPINBHAI THAKKAR, Printed At : BHARAT HEADLINE PRINTERS, DREAM CITY D2-103, NR DWARKESH PARK, B/H. AALAP GREEN CITY, OFF RAIYA ROAD, RAJKOT, 360005, Published At: DREAM CITY D2-103, NR DWARKESH PARK, B/H. AALAP GREEN CITY, OFF RAIYA ROAD, RAJKOT, 360007

# રાજકોટમાં ૨૦થી ૬૫ વર્ષ સુધીના ૫૦ બહેનોએ પાણીમાં ઉભા રહી તરીને એકવા યોગા કર્યા

- રાજકોટ મહાપાલિકા દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિનની ઉજવણી
- ત્રણ મેદાન, ગાંધી મ્યુઝીયમમાં ચૂંટાયેલા લોકો, નેતાઓ, યોગ સંસ્થાના પ્રતિનિધિઓની હાજરી : તન–મનથી તંદુરસ્ત રહેવા આપી ટીપ્સ





ભારત હેડલાઇન, તા.૨૧

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આજે તા.૨૧મી જુનના રોજ ૧૦માં વિશ્વ યોગ દિવસ નિમિતે સવારે ૬ કલાકે શહેરના પાંચ સ્થળો શ્રી માધવરાવ સિંધિયા ક્રિકેટ ગ્રાઉન્ડ રેસકોર્ષ, નાનામવા ચોક ખાતેનું મેદાન, ગ્રીન લેન્ડ પાર્ટી પ્લોટ, મહાત્મા ગાંધી મ્યુઝિયમ અને શ્રી જીજાબાઈ મહિલા સ્નાનાગાર, સાધુ વાસવાણી રોડ ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિનની ઉજવણી કરવામાં આવી હતી. સાધુ વાસવાણી રોડના જીજાબાઈ મહિલા સ્નાનાગારમાં ૨૦ વર્ષથી ૬૫ વર્ષ સુધીના ૫૦ મહિલાઓએ પાણીમાં એકવા યોગ કર્યા હતા. સતત ૪૫ મીનીટ સુધી બહેનોએ વિવિધ આસનો ઉપરાંત પાણીમાં ઉભા રહી, બેસી, ઉંધા સુઈને ૪૫ મીનીટ સુધી યોગ કર્યા હતા અને અંતમાં પ્રાણાયામ અને ધ્યાન ધર્યુ હતું જે યોગા પુરા ગુજરાતમાં માત્ર રાજકોટ ખાતે થતા હોય, આકર્ષણરૂપ બન્યા હતા. મુખ્યમંત્રીના નડાબેટના કાર્યક્રમનું યોગદિનની ઉજવણીમાં પ્રસારણ કરવામાં આવ્યું હતું. શ્રી માધવરાવ સિંધિયા ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે કાર્યકારી મેયર નરેન્દ્રસિંહ પી. જાડેજાના અધ્યક્ષ સ્થાને યોજાયેલા યોગ કાર્યક્રમમાં સાંસદ રામભાઈ મોકરિયા,પૂર્વ રાજ્યપાલ વજુભાઈ વાળા, ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, કમિશનર દેવાંગ દેસાઈ, આરોગ્ય સમિતિ ચેરમેન કેતનભાઈ પટેલ, કોર્પોરેટરો, અધિકારીઓ, આર્ટ ઓફ લીવીંગના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. ઈસ્ટ ઝોનમાં ગ્રીન લેન્ડ પાર્ટી પ્લોટ ખાતે યોજાયેલા યોગ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે શહેર ભાજપ મહામંત્રી અશ્વિનભાઈ મોલીયા, કોર્પોરેટરો, શાળા-કોલેજના વિદ્યાર્થીઓ, બ્રહ્માકુમારી સંસ્થાના યોગ ટ્રેનરો તથા વિસ્તારવાસીઓ ઉપસ્થિત રહેલ હતા. શ્રી રેખા દીદીએ તન-મનની તંદુરસ્તી માટે યોગ કેટલા આશીર્વાદરૂપ છે તે વિશે વર્ણન કર્યું હતું. સ્વાગત પ્રવચન કોર્પોરેટર પરેશભાઈ આર. પીપળીયાએ કર્યું હતું. વેસ્ટ ઝોન, નાના મૌવા ચોક પાસેના મેદાનમાં ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, મહામંત્રી વિરેન્દ્રસિંહ ઝાલા, પૂર્વ સાંસદ વલ્લભભાઈ કથીરીયા, કોર્પોરેટરો ચેતનભાઈ સુરેજા, ડો.દર્શનાબેન પંડ્યા, અશ્વિનભાઈ પાંભર વગેરે અને પતંજલી યોગ સંસ્થાના યોગ ટ્રેનરો ઉપસ્થિત રહ્યા હતા. શ્રી મહાત્મા ગાંધી મ્યુઝિયમ ખાતે સ્ટે.કમિટી ચેરમેન જયમીન ઠાકર, શાસકપક્ષ દંડક મનીષભાઈ રાડીયા, સામાજીક અગ્રણી અનુપમભાઈ દોશી ઉપસ્થિત રહ્યા હતા. ચેરમેને તમામ લોકો નિયમિતપણે યોગ કરી તન-મનથી તંદુરસ્ત રહે તેના પર ભાર મુકયો હતો. શ્રી જીજાબાઈ મહિલા સ્નાનાગાર સાધુ વાસવાણી રોડ ખાતે મહિલાઓ દ્વારા સ્નાનાગારમાં એક્વા યોગાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્વાગત પ્રવચન કરતા શાસકપક્ષ નેતા લીલુબેન જાદવએ એકવા યોગાથી થતા ફાયદા તથા મહિલા સશક્તિકરણ વિષે જણાવેલ હતું.

## પુજીત રૂપાણી મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા કેન્સર અવેરનેસ તથા નિદાન કાર્યક્રમ યોજાશે

શહેરના જરૂરીયાતમંદ નાગરિકોના આરોગ્ય, શિક્ષણ તેમજ સામાજીક વિકાસ ક્ષેત્રે છેલ્લા ૨૪ વર્ષથી કાર્યરત પુજીત રૂપાણી મેમો. ટ્રસ્ટ, રોટરી કલબ ઓફ રાજકોટ મીડટાઉન તથા અમદાવાદ સ્થિત આસ્થા ઓન્કોલોજી એશોશિયેટસ હેલ્થ કેર ગ્લોબલના સંયુકત ઉપક્રમે છેલ્લા એકદસકાથી સમગ્ર વિશ્વને કેન્સરના રોગથી નાથવા દર મહિનાના બીજા તથા ચોથા શનિવારે ટ્રસ્ટના ભવન ખાતે ''કેન્સર અવેરનેસ તથા નિદાન પ્રોગ્રામ'' હાથ ધરાયો છે. જે અંતર્ગત આવતીકાલ તા.૨૨ જૂનને શનિવારના રોજ સવારે ૯ થી ૧૦ વાગ્યા સુધી કેન્સર નિષ્ણાંત ડો.દુષ્યંત માંડલીક પુજીત રૂપાણી મેમો. ટ્રસ્ટ ''કિલ્લોલ'', ૧–મયુરનગર, રાજકોટ મહાનગર પાલિકા પૂર્વઝોન કચેરી સામે, ભાવનગર રોડ, રાજકોટ ખાતે નિઃશુલ્ક કેન્સર નિદાન કરી અપાશે. રજિસ્ટ્રેશન માટે ફોન નં. ૨૭૦૪૫૪૫ પર સંપર્ક કરવાનો રહેશે. આ કેમ્પમાં તબીબ ડો.દુષ્યંત માંડલીક સેવાઓ આપશે., ગળું, જડબાના કેન્સરનું નિદાન કરી અપાશે. ટ્રસ્ટના મેડિકલ સેન્ટરમાં ચેરમેન વિજયભાઈ રૂપાણી તથા ટ્રસ્ટીઓ પ્રવિણભાઈ રૂપાણી, અંજલિબેન રૂપાણી, રંજનબેન રૂપાણી, મહેશભાઈ ભટ્ટ, મેહલભાઈ રૂપાણી, રાજેશભાઈ રૂપાણી તથા અમીનેશભાઈ રૂપાણી સહિતનાઓના માર્ગદર્શન હેઠળ ટ્રસ્ટની મેડીકલ કમિટીના મેમ્બર્સ ડો.જૈમનભાઈ ઉપાધ્યાય, ડો.નયનભાઈ શાહ, ડો.વિભાકરભાઈ વચ્છરાજાની, દિવ્યેશભાઈ પટેલ તથા બિપીનભાઈ વસા કાર્યરત છે.

## રાજકોટ રેલવે ડિવિઝનમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી

ભારત હેડલાઇન, તા.૨૧

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનમાં આજે ૧૦મા 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. ભારત સરકારના આયુષ મંત્રાલય દ્વારા મળેલી માર્ગદર્શિકા મુજબ રાજકોટના કોઠી કમ્પાઉન્ડ સ્થિત રેલવે ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે સવારે ૦૬.૩૦ થી ૦૭.૪૫ દરમિયાન યોગ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. પતંજલિ યોગ સમિતિ–રાજકોટના યોગ પ્રશિક્ષકો શ્રી ગોપાલ શર્મા અને શ્રી કિશોર રાઠોડના માર્ગદર્શન હેઠળ રેલવે અધિકારીઓ, કર્મચારીઓ અને તેમના પરિવારજનોને કોમન યોગ પ્રોટોકોલ હેઠળ આસન, પ્રાણાયામ અને ધ્યાન સંબંધિત વિવિધ કસરતોની તાલીમ આપવામાં આવી હતી. આ પ્રસંગે રાજકોટ ડિવિઝનલ રેલવે મેનેજર (DRM) શ્રી અશ્વની કુમારે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, રેલવે કર્મચારીઓએ પોતાના રોજીંદા જીવનમાં યોગને અપનાવવો જોઈએ એટલું જ નહી પરંતુ પોતાના પરિવારના સભ્યોને પણ આ માટે પ્રેરણા આપવી જોઈએ જેથી કરીને દરેક વ્યક્તિ શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ રહી શકે.




યોગાભ્યાસના આ કાર્યક્રમમાં રાજકોટ ડિવિઝનના એડિશનલ ડિવિઝનલ રેલવે મેનેજર કૌશલ કુમાર ચૌબે, પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંસ્થા રાજકોટના ઉપપ્રમુખ શ્રીમતી મમતા ચૌબે અને તેમની ટીમ, સિનિયર ડિવિઝનલ પર્સનલ ઓફિસર શ્રી મનીષ મહેતા, વિવિધ વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ અને મોટી સંખ્યામાં રેલવે કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. રાજકોટ ડિવિઝનના મુખ્ય સ્ટેશનો પર પણ રેલવે કર્મચારીઓ દ્વારા 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. રાજકોટ સ્થિત કાર્યક્રમનું સંચાલન મુખ્ય કલ્યાણ નિરીક્ષક શ્રી શૈલેષ મકવાણાએ કર્યું હતું. અંતમાં રાષ્ટ્રગીત સાથે કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

# શહેર ભાજપ વિવિધ મોરચા દ્વારા દરેક વોર્ડમાં યોગ દિવસની કરાઈ ઉજવણી







## શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશીના માર્ગદર્શન હેઠળ રાજકોટ શહેર વિવિધ મોરચા પ્રમુખ દ્વારા તેમજ વોર્ડમાં વોર્ડ પ્રમુખની આગેવાનીમાં યોગ કરવામાં આવ્યા

ભારત હેડલાઈન, તા.૨૧

રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશીના માર્ગદર્શન હેઠળ રાજકોટ શહેર વિવિધ મોરચા પ્રમુખ દ્વારા તેમજ વોર્ડમાં વોર્ડ પ્રમુખની આગેવાનીમાં યોગ કરવામાં આવ્યા હતા.

રાજકોટ શહેર ભાજપના ઈન્ચાર્જ ડો.માધવ દવે, પરિમલભાઈ પરડવાએ સમગ્ર યોગ દિવસને સફળ બનાવવા માર્ગદર્શન પુરૂ પાડયું હતું. આ તકે યુવા મોરચાના પ્રમુખ કિશન ટીલવા, મહામંત્રી મીલન લીંબાશીયા, સહદેવ ડોડીયા, બક્ષીપંચ મોરચાના પ્રમુખ લલીત વાડોલીયા, મહામંત્રી બાબુભાઈ માટીયા, જે.પી.ધામેચા, મહિલા મોરચાના પ્રમુખ કિરણબેન માકડીયા, મહામંત્રી કિરણબેન હરસોડા, દેવીકાબેન રાવલ, કિશાન મોરચાના પ્રમુખ યોગેશ ભુવા, મહામંત્રી ભરતભાઈ રાદડીયા, રમેશભાઈ કીયાડા અનુસુચિત જાતીના રતાભાઈ પરમાર, મહામંત્રી અજય વાઘેલા, સંજય બગડા, અનુસુચિત જનજાતી મોરચાના પ્રમુખ મનોજભાઈ દુબલ, મહામંત્રી જય રાઠોડ, જીતેન્દ્ર વાઘેલા તેમજ લઘુમતી મોરચાના પ્રમુખ રાજુભાઈ દલવાણી, મહામંત્રી વાહિદ સમા, ફિરોજ ડેલા, ઈબ્રાહીમ સોની, સૈયદ એજાઝબાપુ બુખારી, રજાકભાઈ કારયાણીએ યોગ દિવસમાં ભાગ લીધો હતો અને આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. રાજકોટ શહેરના વોર્ડ નં. ૧ થી ૧૮ માં વોર્ડ પ્રમુખે જવાબદારી સંભાળી હતી. જેમાં વોર્ડ નં.૧માં કાનાભાઈ ખાણધર, વોર્ડ નં.૨ માં રાજેન્દ્રસિંહ ગોહિલ, વોર્ડ નં.૩ માં હેમુભાઈ પરમાર, વોર્ડ નં.૪ માં કાનાભાઈ ડેડિયા, વોર્ડ નં.૫ માં પરેશભાઈ લીંબાશીયા, વોર્ડ નં.૬ માં અંકિતભાઈ દુધાત્રા, વોર્ડ નં.૭ માં કૌશિકભાઈ ચાવડા, વોર્ડ નં.૮ માં જયસુખભાઈ મારવીયા, વોર્ડ નં.૯ માં જયસુખભાઈ કાથરોટીયા, વોર્ડ નં.૧૦ માં રજનીભાઈ ગોલ, વોર્ડ નં.૧૧ માં મહેશભાઈ પીપળીયા, વોર્ડ નં.૧૨માં યોગેન્દ્રસિંહ જાડેજા, વોર્ડ નં. ૧૩માં કેતનભાઈ વાછાણી, વોર્ડ નં.૧૪ માં મહેશભાઈ મિયાત્રા, વોર્ડ નં.૧૫ માં મયુરભાઈ વજકાણી, વોર્ડ નં.૧૬ માં રાજેશભાઈ લીલા, વોર્ડ નં. ૧૭ માં ઈન્દ્રવીજયસિંહ જાડેજા, વોર્ડ નં.૧૮માં શૈલેષભાઈ બુસાએ દરેક વોર્ડ પ્રમુખે તેમના વોર્ડમાં યોગ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# અગ્નિકાંડના મૃતકોની માસિક પુણ્યતિથિએ રાજકોટ બંધના એલાનમાં વેપારીઓને જોડાવવા MLA મેવાણીની અપિલ

ભારત હેડલાઈન, તા.૨૧

રાજકોટમાં ગત તા.૨૫ મે ના રોજ TRP ગેમઝોનમાં આગ લાગવાની ઘટના બની હતી. જેમાં ૨૮ લોકોના મોત થયા હતા. આ ઘટનાને મામલે અત્યારે કડક તપાસ ચાલી રહી છે. તેમાં પણ ગુજરાત હાઈકોર્ટ દ્વારા અત્યારે સરકાર અને રાજકોટ તંત્રને આકરી ટકોર કરવામાં આવી છે. આ ઘટનામાં મોટા અધિકારીઓના નામ સામે આવ્યા છે. આ ઘટનાની તપાસ કરવા માટે એસઆઈટીની રચના પણ કરવામાં આવી છે. આ ઘટનાને આગામી તા.૨૫ જૂનના રોજ એક મહિના જેટલો સમય થશે. આ અગ્નિકાંડમાં જીવતા ભડથું થયેલા લોકોને



શ્રદ્ધાંજલિ આપવા માટે હાલ રાજકોટ કોંગ્રેસ દ્વારા ૨૫ જૂનને મંગળવારના રોજ રાજકોટ બંધ રાખવાનું એલાન કરવામાં આવ્યું છે. શહેરના વેપારીઓને સ્વયંભૂ બંધ રાખીને શ્રદ્ધાંજલિ આપવા માટે કોંગ્રેસ દ્વારા અપીલ કરવામાં આવી છે. ત્યારે આજરોજ કોંગ્રેસના ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણી સહિતના નેતાઓ શહેરના ગુંદાવાડી વિસ્તારના વેપારીઓને અગ્નિકાંડમાં મૃત્યુ પામેલા લોકોની પ્રથમ માસિક પુણ્યતિથિ નિમિત્તે બંધ પાળી શ્રદ્ધાંજલિ આપવા વેપારીઓને અપીલ કરી હતી. જોકે, આ મામલે રાજ્ય સરકાર દ્વારા પણ કાર્યવાહી કરવામાં આવી રહીં છે. રાજ્ય સરકાર દ્વારા અત્યારે કેટલાક અધિકારીઓ સામે કડક પગલા લેવામાં આવ્યા છે.

# રાજકોટમાં કન્ટ્રક્શનના યુવા ધંધાર્થી અજયસિંહ જાડેજાની આત્મહત્યા

ભારત હેડલાઈન, તા.૨૧

રાજકોટમાં કન્ટ્રક્શનના યુવા ધંધાર્થી અજયસિંહ જાડેજાએ આત્મહત્યા કરી લેતા ચકચાર મચી ગઈ છે. ૨૮ વર્ષીય અજયસિંહે નાના મવા, મોકાજી સર્કલ પાસે આવેલા પોતાના ઘરે ગળફાંસો ખાધો હતો. ક્યાં કારણે પગલું ભર્યું તે જાણવા ન મળતા આપઘાત અંગે રહસ્ય ઘૂંટાઈ રહ્યું છે. આ અંગે મળતી વિગત મુજબ, અજયસિંહ વિરેન્દ્રસિંહ જાડેજા(ઉં. વ.૨૮, રહે. નાના મવા, મોકાજી સર્કલ પાસે, રાજકોટ)એ ગઈકાલે બપોરે ૨ વાગ્યા આસપાસ પોતાના ઘરે પંખા સાથે કપડાં સૂકવવાની દોરી બાંધી ગળફાંસો ખાઈ લીધો હતો. પરિવારને જાણ થતાં તત્કાલ ૧૦૮ અને પોલીસને જાણ કરાઈ હતી. અજયસિંહને મૃત જાહેર કરાતા પરિવારમાં કલ્પાંત છવાયો હતો. મૃતકના પિતા હયાત નથી. અજયસિંહ કન્ટ્રક્શનનો વ્યવસાય કરતા હતા. તેને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. પરિવારે ઘરના સહારા સમાન યુવાનને ગુમાવતા અને સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં કલ્પાંત છવાયો છે.